INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૧-૦૭-૨૦૨૬**

- **મોદી સરકારનું વીબીજી રામજી ગ્રામીણ યોજના મજૂરો અને ગામડાંઓ પર નિર્મમ હુમલો**
- **મોદી સરકારે મનરેગા ના કામના અધિકારને ૬૦ દિવસના બ્લેકઆઉટ અને રાજ્યો પર ૪૦ટકા બોજથી બદલી નાખ્યું, આ વિકસિત ભારત નથી, ગામડાંઓ અને મજૂરોનો વિનાશ છે!**
- **વીબીજી રામજી ગ્રામીણ યોજના ફાળવણી આધારિત છે, માંગ આધારિત નથી.**

મોદી સરકારે પહેલી જુલાઈથી વીબીજી રામજી ગ્રામીણ યોજના હેઠળ મજૂરી દરો જાહેર કરીને ગ્રામીણ ભારત પર તેનો સૌથી મોટો અને ક્રૂર હુમલો કર્યો છે. જેનાથી રોજગારની દેશની સૌથી મોટી ગરીબી-નિવારણ યોજના મનરેગા ને ખતમ કરી દીધી છે. જે રોજગારનો સંવૈધાનિક અધિકાર હતો, તેને હવે શરતો, બ્લેકઆઉટ અને બોજમાં ફેરવી દેવામાં આવી છે ત્યારે આ વિકસિત ભારત નથી, ગામડાઓ અને મજૂરોનો વિનાશ છે તેવો સ્પષ્ટ આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે ૨૦૨૪ના ચૂંટણીમાં રૂ. ૪૦૦ પ્રતિ દિવસ ની રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરીની ગેરંટી આપી હતી, તેમ છતાં મોદી સરકારે મજૂરોના મોં પર થપ્પડ મારતાં માત્ર રૂ. ૩૦૦ પ્રતિ દિવસ ની મજૂરી નક્કી કરી છે. આ મજૂરી સુધારો નથી, મજૂરોનું શોષણ અને અપમાન છે.આ યોજના વાસ્તવમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA)ને સમાપ્ત કરીને તેના સ્થાને કેન્દ્ર નિયંત્રિત અને ફાળવણી આધારિત કાર્યક્રમ લાવે છે. નવી વ્યવસ્થા ગ્રામિણ પરિવારોને મળતી કાયદેસરની રોજગાર ગેરંટી નાબૂદ કરે છે અને કામદારોના અધિકારોને નબળા બનાવે છે. હવે રોજગાર વાસ્તવિક માંગને આધારે નહીં પરંતુ અગાઉથી મંજૂર થયેલી બજેટ ફાળવણી પર નિર્ભર રહેશે. આજે દેશ માટે સૌથી દુઃખદ દિવસ છે,કારણ કે ભાજપ સરકારે આજથી મનરેગા જેવી માંગ આધારિત રોજગાર ગેરંટી વ્યવસ્થાને બંધ કરી દીધી છે. નવી યોજના હેઠળ ખાસ કરીને ગરીબ અને વધુ ગ્રામિણ બેરોજગારી ધરાવતા રાજ્યોને નાણાકીય મર્યાદાઓના કારણે રોજગાર સર્જન ઘટાડવાની ફરજ પડી શકે છે. ખેતીની ઋતુ દરમિયાન જાહેર કામો બંધ કરવાથી ગ્રામિણ મજૂરોની સોદાબાજીની શક્તિ ઘટી જશે અને તેઓ ખાનગી નોકરીદાતાઓ દ્વારા આપવામાં આવતા ઓછા વેતન સ્વીકારવા મજબૂર બનશે. નવી વ્યવસ્થા હેઠળ ગ્રામસભા અને ગ્રામ પંચાયતની વિકાસ કાર્યો ઓળખવાની અને પ્રાથમિકતા નક્કી કરવાની ભૂમિકા નબળી પડશે.

સૌથી ચિંતાજનક જોગવાઈ ૬૦ દિવસનું બ્લેકઆઉટ છે. વાવણી અને લણણીના સૌથી મહત્વના સીઝનમાં સરકારે જ ૬૦ દિવસ કામ બંધ રાખવાનું પ્રાવધાન કર્યું છે. જ્યારે મજૂરોને સૌથી વધુ કામની જરૂર હોય છે, ત્યારે તેમને કામથી વંચિત રાખવામાં આવશે. આ મહિલા મજૂરો, ભૂમિહીન મજૂરો, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને બક્ષીપંચ (OBC) સમુદાયો પર સીધો હુમલો છે. કેન્દ્રની ડૉ. મનમોહનસિંઘજીના વડાપ્રધાન હેઠળ કોંગ્રેસની સરકારે પહેલાં ૧૦૦ ટકા મજૂરીનો ખર્ચ ઉઠાવતું હતું, હવે રાજ્યોને ૪૦ટકા બોજ થોપી દેવામાં આવ્યો છે. માર્ચ ૨૦૨૬ સુધીમાં ૩૪ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના રૂ. ૧૭,૧૪૪ કરોડ બાકી છે, જેમાં માત્ર મજૂરીના રૂ. ૭,૮૪૬ કરોડ સામેલ છે. કર્ણાટક, ઝારખંડ, તેલંગાણા, ગુજરાત અને તમિલનાડુના મજૂરો આજે પણ પોતાના હકના પૈસા માટે તરસી રહ્યા છે. **સમગ્ર દેશમાં જૂનમાં ૪૨ટકા ઓછો વરસાદ અને ખરીફ વાવણીમાં ૨૨.૭ટકા ઘટાડાની વચ્ચે આ યોજના ગ્રામીણ સંકટને વધુ ગંભીર બનાવશે.** હાલ ગુજરાતમાં તમામ મનરેગા અધિકારીઓનો છેલ્લા પાંચ થી છ માસનો પગાર બાકી છે અને ક્યારે ચુકવાશે તે અંગે કોઈ જવાબ મળતો નથી.

કોંગ્રેસ સરકારે દેશને કામના અધિકાર આપ્યો હતો. મોદી સરકારે તેને ભીખ માંગવાના અધિકાર માં ફેરવી દીધો છે શરતો સાથે, બ્લેકઆઉટ સાથે અને કેન્દ્રની જવાબદારી ઘટાડીને. આ કોઈ સુધારો નથી, આ ગરીબો પર બદલો છે, આ મજૂર વિરોધી નીતિ છે, આ ગામડાં વિરોધી નીતિ છે. મોદી સરકાર પાસે માંગ છે કે, **વીબીજી રામજી ગ્રામીણ યોજના મજૂર વિરોધી યોજના તરત જ પાછી ખેંચવામાં આવે, તમામ લાંબા સમયથી બાકીનું ચુકવણું તરત કરવામાં આવે, ૧૦૦ટકા કેન્દ્રીય ફંડિંગ પુનઃસ્થાપિત કરવામાં આવે**, ૬૦ દિવસનું બ્લેકઆઉટ પ્રાવધાન રદ કરવામાં આવે, રૂ. ૪૦૦ પ્રતિ દિવસ ની વાસ્તવિક રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરી લાગુ કરવામાં આવે, જ્યાં સુધી આ ન થાય, ત્યાં સુધી દરેક ગામ અને દરેક મજૂર યાદ રાખશે, મોદી સરકાર શહેરો માટે સપના લાવી અને ગામડાંઓ માટે અંધકાર છોડી ગઈ.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા